હમ્દ ૭૮૬ ૯૨ નાઅત

# મુબલ્લીગે આઝમ

રજૂઆત :

પીરઝાદા અલહાજ સૈયદ
દાદામિયાં શમ્સુદ્દિન કાદરી
મુ રૂપાલ



પ્રકાશક :

**સુન્ની મુસ્લિમ ખિદમત કમિટી**

મુ રૂપાલ, તા. બાવલા જી. અહમદાબાદ.

# મુબલ્લીગે આઝમ

● રજૂઆત ●


**પીરઝાદા અલ્હાજ સૈયદ દાદામિયાં**

**શમ્સુદ્દિન કાદરી "મુહિબ"**

મુ. રૂપાલ તા. બાવલા,

જી. અહમદાબાદ-૩૮૨૨૨૦.



● આવૃત્તિ ●

પ્રથમ

જમાદીઉલ અવ્વલ

હિ. ૧૪૨૩

જુલાઈ-૨૦૦૨

● પ્રકાશક ●

**સુન્ની મુસ્લિમ ખિદમત કમિટી**

મુ. રૂપાલ, તા. બાવલા

જી. અહમદાબાદ.

● ખિદમત સીરીઝ નં. ૧૦ ●

હદિયા : દુઆએ ખૈર

● પ્રિન્ટેડ બાય ●

**કલીમ બુક ડીપો એન્ડ ઓફસેટ પ્રિન્ટર્સ**

ખાસ બઝાર, તીનદરવાઝા, અહમદાબાદ-૧.

ફોન : ૫૩૫ ૦૦ ૫૬

## બે બોલ

**નહમદોહુ વ નુસલ્લી અલા રસૂલેહિલ કરીમ.**

એક નક્કર હકિકત એ છે કે, ઇસ્લામની તબ્લીગ (પ્રચાર)નું કાર્ય બાદશાહો (સત્તાધીશો) કરતાં વિશેષ સુફીઓએ ખંતપૂર્વક પૂર્ણ કર્યાનું ઈતિહાસના પાના ઉપર સોનેરી અક્ષરોથી લખાયેલું જોવા મળે છે.

ભારતના ઈતિહાસમાં બે પ્રકારની હુકૂમતો જોવા મળે છે. (૧) બાદશાહોની હુકૂમત (૨) સુફીઓની હુકૂમત.

બાદશાહોની હુકૂમત તખ્તો-તાજ વાળી હતી જેમાં જંગ, તલવાર અને તોપનો ઉપયોગ થયો છે. જ્યારે સુફીઓ અર્થાત વલી અલ્લાહની હુકૂમત ખાનકાહોથી થતી હતી. સુફી હઝરાતો ઉચ્ચ સંસ્કાર, શ્રેષ્ઠ ગુણો અને ઉત્તમ વહેવારથી માણસોના હૃદય ઉપર હુકૂમત કરતા હતા.

સૂફી અર્થાત અલ્લાહવાળાઓની ઝિંદગી એટલી પવિત્ર અને ઉચ્ચ સંસ્કારથી શણગારેલી હતી કે, દરેક નાના-મોટા અલ્લાહના એ પાક બંદાઓની તાબેદારી કરવામાં ગૌરવ સમજતા હતા. શાયરે સરસ કહ્યું છે.

**"રાસ્તકી તેગ થી, જો થી ઉન્કે પાસ,**
**ખંજરે આહન નહિં, વોહ ખંજરે અખ્લાક થા."**

અલ્લાહના તે પ્યારા બંદાઓએ માણસને અલ્લાહની ઓળખ કરાવી. અલ્લાહની બંદગી કરવાની રીત શીખવાડી, હક (સત્ય)નો માર્ગ બતાવ્યો. દુનિયાના કામોમાં પણ એક બીજાના મદદરૂપ થવાનો બોધ આપ્યો. હુકૂમત (સત્તા) ચલાવવાની સમજણ આપી.

માણસ જાતની સેવાકીય પ્રવૃત્તિઓથી લોકો સૂફીઓ પ્રત્યે આકર્ષાયા. તેમના ચિંધેલા માર્ગ પર ચાલવા લાગ્યા. કોઈપણ જાતના દબાણ કે શરમને વશ થયા વિના લોકો સ્વયં ઈસ્લામ ધર્મ અંગિકાર કરવા લાગ્યા. સૂફીઓ (ઔલિયાઓ)ના જીવનમાં ઈસ્લામી આદર્શોની ઝલક અને ઈસ્લામી અહેકામોના અમલની મહેંક ગમે તેવા વિરોધીને પણ પોતાનો બનાવી લેવા મજબૂર કરી લેતો હતો.

ઈસ્લામની તબ્લીગ (પ્રચાર) કાર્યને અંજામ આપનારા એ સૂફીઓમાં ગુજરાતની પુરાણી રાજધાની પાટણમાં સૌ પ્રથમ ઈસ્લામના પ્રચારાર્થે પધારેલા "મુબલ્લીગે આઝમ" (મહાન પ્રચારક) હઝરત ખ્વાજા સુલતાન સૈયદ હાજી હૂદ રદિયલ્લાહો અન્હોનું નામ પણ મોખરાનું સ્થાન ધરાવે છે. આપના પવિત્ર ઝિંદગીની આછી ઝલક આ કિતાબમાં રજૂ કરવાનો એ આશય એ જ છે કે, નવી પેઢી આ મહાન બુઝુર્ગ મુબલ્લીગે આઝમ વિશે જાણકારી પ્રાપ્ત કરીને તેમના જીવનમાંથી આદર્શોને અપનાવી પોતાની દુનિયા અને આખેરતને નેકીઓના મોતીઓથી સજાવે.

અલ્લાહ તઆલા અમો સૌને તમામ ઔલિયા અલ્લાહથી મહોબ્બત અને અકીદત રાખવાની અને તેમના નકશે કદમ પર ચાલવાની તૌફિક અતા કરે. આમીન, બહક્કે તાહા વ યાસીન સલ્લલ્લાહો અલયહિ વ સલ્લમ.

| | |
|---|---|
| **મુ. રૂપાલ** | **બુઝુર્ગોની ચરણરજ** |
| **તા. બાવલા** | **સૈયદ દાદામીયાં એસ. કાદરી** |
| **જી. અહમદાબાદ.** | **તા. ૧૮-૭-૨૦૦૨** |

# શાને ઔલિયા

• "તમને ખબરછે જન્નત (સ્વર્ગ)ની ચાવી શું છે? અલ્લાહવાલા (ઔલિયા અલ્લાહ) લોકોની મહોબ્બત જન્નતની ચાવીછે. અલ્લાહવાલાઓની દુશ્મની લા'નતનું કારણ છે."

**- હઝરત ફરીદુદ્દિન અત્તાર રહેમતુલ્લાહ અલયહ**

• "ઔલિયા અલ્લાહ જ પૃથ્વી પર વસનારા માટે શાંતિ અને સમૃદ્ધિના પ્રતિક અને નિમિત્તછે. એમની વાણી જનતા માટે ઔષધિ અને એમની નઝર લોકો માટે શિફા (તંદુરસ્તી) છે. અલ્લાહવાલા લોકો જ અલ્લાહના સહચરો છે. જે લોકો અલ્લાહવાલાના સહચરો છે તે દુર્ભાગી હોઈ શકતા નથી. જે લોકો ઔલિયા અલ્લાહના મિત્રોછે. તેઓ કદાપી અલ્લાહ તઆલાની રહેમતથી વંચિત રહેતા નથી."

**- હઝરત મુજદ્દિદ અલ્ફેસાની રહેમતુલ્લાહ અલયહ**

• "થોડીક ક્ષણો ઔલિયા અલ્લાહની સોહબત (સંગત)માં બેસવું સો વર્ષની નિઃસ્વાર્થ ઈબાદત કરતાં શ્રેષ્ઠ છે."

**- હઝરત જલાલુદ્દિન રૂમી રહેમતુલ્લાહ અલયહ**

નિગાહેં વલી મેં વોહ તાસીર દેખી,
બદલતી હજારોંકી તકદીર દેખી.

૭૮૬

૯૨

અબુલ બરકાત

સિરાજુલ હિન્દ, કુત્બુલ અકતાબ,

શેરે સાની,

તારીકુસ્સલ્તનત, શમ્એ બઝ્મે રસુલ,

કિદવતુલ મુહક્કિકીન, તાજદારે અસ્ફીયા

શહરયારે બઝ્મે સુફીયા, ઇમામુલ આરેફીન

સનદુલ કામેલીન, હાદીયે રાહે હિદાયત,

સાહેબે જાહો જલાલત, મહેદીએ રાહે યકીં,

ઇમામુલ આશેકીન, કિદવતુલ વાસેલીન

# મુબલ્લીગે આઝમ

અલ બાકરી, અસ્સમરકંદી, અલ ખનફુરી

અલ કરની વલ ચિશ્તી હઝરત ખ્વાજા

# સુલતાન સૈયદ શાહ

# હાજી હૂદ

રદિયલ્લાહો અન્હોની

જીવન ઝરમર

## જન્મ, નામ અને ખાનદાન

આપનું નામ સૈયદ 'હુદ' આપના વાલીદ (પિતા)નું નામ સૈયદ અવ્વાના જે સબાની અબ્દુલ્લાહ સબ્બોહીના લકબથી મશ્હૂર હતા. હઝરત હાજી **'હુદ'** રદિયલ્લાહો અન્હોના જન્મ પહેલા આપના પિતાને હુઝૂર પુરનુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે બશારત આપીને ફરમાવ્યું કે, "તમારા ઘરે એક મહાન વલીએ કામીલ, ઈલ્મે જાહેરી અને બાતેનીમાં પરીપૂર્ણ પુત્રનો જન્મ થશે. તેનું નામ **'હુદ'** રાખજો." આપ દમિશ્ક (સિરિયા)ની નજીક ખનફુર નામે નાના ગામમાં હિ.સ. ૪૧૬, ઈ.સ. ૧૦૨૫માં પૈદા થયા અને બશારત મુજબ આપનું નામ **'હુદ'** રાખવામાં આવ્યું.

## શજરએ નસબ (પેઢીનામું)

હઝરત સુલતાન સૈયદ હાજી **'હુદ'** રદિયલ્લાહો અન્હોનું ખાનદાન હુસૈની સાદાત છે. આપનો શજરએ નસબ (પેઢીનામું) આ પ્રમાણે છે. હઝરત સુલતાન સૈયદ હાજી હુદ બિન સૈયદ અવ્વાના બીન સૈયદ ઝહીર બિન સૈયદ ફરવાહ બિન સૈયદ ઉજરાહ બિન સૈયદ સુફીયાન બિન સૈયદ જઅદ બિન સૈયદ રબીઅ બિન સૈયદ જલાલુદ્દીન મોહમ્મદ મીર તલ્હા બિન સૈયદ સદાદ બિન સૈયદ સલીમ બિન સૈયદ સાબિત અબ્દુલ્લાહ ઉર્ફે ઉબેદુલ્લાહ (આપની અમ્માનું નામ ઉમ્મે હકીમા છે.) બિન ઈમામ મોહમ્મદ બાકીર બિન ઈમામ ઝેનુલ આબેદીન બિન ઈમામ શહીદે કરબલા બિન અમીરૂલ મોમેનીન હઝરત અલી શેરે ખુદા કરમલ્લાહો વજહહુ.

## તઆલીમ અને તરબિયત

હઝરત ખ્વાજા **હાજી 'હુદ'** રદિયલ્લાહો અન્હો માદરજાદ વલી હતા. બાળપણમાં પણ આપ ખેલકુદથી દૂર રહ્યા છે. આપની તાલીમ પોતાના વતન ખનફૂરમાં જ થઈ. ૧૪ વર્ષની નાની વયે આપ હાફીઝે કુર્આન અને ઉત્તમ પ્રકારના કારી બની ગયા. તે ઉપરાંત તફસીર, હદીસ, ફીકહ, સર્ફ-નહો, મનતીક અને ફિલોસોફી તેમજ અદબ જેવા દરેક વિષયમાં પ્રવિણ બની ગયા. ઘણી નાની વયે બહુ મોટા આલિમેદીનનું સ્થાન હાંસિલ કરી લીધું

જે એક અલ્લાહનો વલી જ મેળવી શકે.

### સમરકંદના સુલતાન બન્યા

હિ.સ. ૪૩૦ ઈ.સ. ૧૦૩૮ના સમયમાં રાજકીય હાલત એવી બની કે આપને સમરકંદની સલ્તનતની સંભાળ લેવાની ફરજ પડી. આપ સુલતાન (બાદશાહ) બન્યા. નાની વય હોવા છતાં રાજ્ય કારભાર ઉપર આપની દેખરેખ એક બાહોશ રાજવીના જેવી હતી. જેના કારણે ટૂંકા સમયમાં રાજ્યની પ્રજામાં લોકપ્રિયતા હાંસિલ કરી લીધી અને રાજ્ય વહીવટની જવાબદારી હોવા છતાં આપનો વધુ સમય યાદે ઈલાહી (બંદગી)માં પસાર થતો હતો.

### તર્કે સલ્તનત (રાજગાદીનો ત્યાગ)

હિ.સ. ૪૪૪, ઈ.સ. ૧૦૫૨માં જ્યારે આપની ઉંમર ૨૮ વર્ષની થઈ ત્યારે આકાએ દો જહાં સરવરે અંબિયા સલ્લલ્લાહો અલયહે વસલ્લમે બશારત (દિવ્ય આદેશ) આપીને હુકમ ફરમાવ્યો કે, આ દુનિયાવી સલ્તનત (રાજગાદી)ને છોડી દો. અમો તમને બાતીની હુકૂમત અર્પણ કરીએ છીએ. નબવી ફરમાનને તરત જ માથે ચઢાવી, રાજમહેલ, રાજમુગટ અને રાજગાદીનો ત્યાગ કરી ફકીરી ધારણ કરે છે. એક સુલતાન સલ્તનતનો ત્યાગ કરી સુફી બની મહાન ત્યાગી પુરૂષનું બિરૂદ હાંસિલ કરે છે. આપનું આ પગલું આપની પ્રજાને જરાય પસંદ ન હતું. કારણ કે આપની હુકૂમતમાં લોકોને શુકુન પ્રાપ્ત થયું હતું. રાજપાટ છોડીને આપ હજના ઈરાદાથી મક્કાએ મોઅઝઝમા જવાની તૈયારી કરે છે.

### ૩૬ વખત હજની અદાયગી

જ્યારે આપ દુનિયાવી મોહ-માયાથી મુખ ફેરવી લેછે ત્યારે આપની હુકૂમત વખતના વજીર અને ખાસ મિત્ર એવા હાજી હુસૈન અને રૂમ તેમજ શામ (સીરિયા)ના શાહઝાદાઓ (રાજકુમારો) પણ આપના પગલે પગલે રાજ્ય કારભાર છોડી આપની સાથે મક્કાએ મોઅઝઝમાના સફરમાં સાથી બને છે. કુલ ૫૦૦થી વધુ અરબી અને અજમી સવારોનો કાફલો આપની સાથે હોય છે. પીરનામા (કલમી) કિતાબના કથન અનુસાર આપ ૩૬ વર્ષ મક્કા શરીફમાં રહી ૩૬ હજ અદા કરેછે. આપે હિ.સ. ૪૪૪માં રાજગાદી ત્યાગી

મક્કા શરીફ ચાલ્યા ગયા અને આપનું પાટણ (પીરાનપટ્ટન)માં આગમન હિ.સ. ૪૮૫માં થયું. આ બંને તારીખો વચ્ચે ૪૧ વર્ષનો ગાળો રહે છે આ સમય દરમિયાન આપ ૩૬ વર્ષ મક્કા રહ્યા હોય અને ૩૬ વખત હજ અદા કરી હોવાની હકીકત સાચી સાબિત થાય છે.

## મકામે મહેબૂબિયતનું પ્રાપ્ત થવું

મક્કાએ મોઅઝઝમાથી આપ સરકારે મદીના હુઝૂર પુરનુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના મઝારે અકદસની ઝિયારત અર્થે મદીના એ મુનવ્વરા તશરીફ લાવે છે. રાત-દિવસ ઈશ્કે ઈલાહી અને ઈશ્કે રસૂલમાં ઈબાદત અને રિયાઝત સાથે પસાર થઈ રહ્યા છે. એક દિવસ સરકારે દો આલમ તાજદારે અંબિયા સલ્લલ્લાહો અલયહે વસલ્લમના રોઝા પાસે બે ખુદીના આલમમાં રડી રડીને દરૂદો સલામ પેશ કરી રહ્યા હતા. અચાનક આપની જબાનથી એક ચીસ નીકળે છે. આપ એકદમ પોકારી ઉઠે છે. યા જદદી ! (હે ! નાના જાન ) તો એ જ વખતે મઝાર શરીફમાંથી જવાબ મળે છે. યા વલદી ! (હે ! ફરઝંદ) ઘણી જ જૂની કિતાબ મુકાશીફાતે મોહમ્મદીયામાં આ બનાવનું વર્ણન જોવા મળે છે. આ જ મુબારક સમયે આપને મકામે મહેબૂબિયત હાંસિલ થાય છે અને બારગાહે રિસાલતમાંથી હિન્દુસ્તાન જઈ દીને ઈસ્લામની તબ્લીગ કરવાનો આદેશ પણ આપવામાં આવે છે.

નબવી ફરમાન મળતાની સાથે જ આપ સમરકંદ તશરીફ લાવે છે અને ભારત આવવા માટેના પ્રવાસની તૈયારી કરવા લાગે છે. સફરનો સામાન અને સવારીઓની સગવડ ઉભી કરે છે. સમરકંદથી પ્રથમ આપ ચિશ્ત આવેછે. આ સમયે ચિશ્ત રૂહાનિયત (આધ્યાત્મિક) તાલીમનું કેન્દ્ર હતું. આપ હઝરત ખ્વાજા અબૂ યુસુફ નાશીરૂદ્દીન ચિશ્તી રહેમતુલ્લાહ અલયહની ખાનકાહમાં મુકામ કરેછે. આપનો તકવા પરહેઝગારી, ઝિક્ર, ફિક્ર જોઈને હઝરત ખ્વાજા અબૂ યુસુફ રહેમતુલ્લાહ અલયહ તેમને પોતાની ઈરાદતમાં લઈ લેછે. એટલે આપ મુરીદ બનેછે. ઘણો સમય પીરો-મુરશીદની ખિદમત કરેછે, ઈબાદત, રિયાઝત અને મુજાહેદાના ઝિંદગી પસાર

થાય છે. ધીમે ધીમે પીરની તાલીમ અને તરબિયત તળે રૂહાની મકામાત પર તરક્કી કરતા રહે છે. **ઈલ્મે લદુન્ની** આપ પર રૌશન થઈ જાય છે. આપની ઝાત હવે બરકતવંત અને ફૈઝ બક્ષ બની જતા પીરની તરફથી આપને **અબૂલ બરકાત, કુત્બુલ અકતાબ** અને **શેરેસાની**ના મુમતાજ લકબ અર્પણ થાય છે.

હઝરત ખ્વાજા ખિઝર અલયહિસ્સલામથી પણ આપને સોહબતે સાદેકાં હાંસિલ હતી. ઈલ્મે લદુન્ની અને અસરારે રબ્બાની આપ ઉપર જાહેર થઈ ચૂકયા હતા. કૌમે પરીઝાદ અને કૌમે જીન્નાતમાંથી અસંખ્ય પ્રમાણમાં આપના મુરીદ હતા. રાત-દિવસ આપની ખિદમતમાં રહેતા હતા. કૌમે અજનાહમાંથી બે જીન્નાત આપના ખલીફા હતા.

## હિન્દુસ્તાન તરફ આવવા માટે નીકળવું

એક દિવસ હઝરત ખ્વાજા અબૂ યુસુફ નાશીરૂદ્દિન ચિશ્તી રહેમતુલ્લાહ અલયહે ફરમાવ્યું, "અય હુદ અમોએ તમારી ઝાતને બરકતવાળી બનાવી તમારા પર દરેક રાઝ અને ભેદ હવે ખુલ્લા થઈ ગયા છે. તમો હિન્દુસ્તાનના નહરવાલા (પાટણ) જાવ અને લોકોને સીરાતે મુસ્તકીમ બતાવો." પીરો મુરશીદનો હુકમ મળતાની સાથે જ આપ પોતાના સાથીઓ, કુટુંબીજનો, મુરીદો, રૂમ અને શામના શાહજાદાઓ (રાજકુમારો) અને વજીર હાજી હુસૈન મળી કુલ ૨૦૦ માણસોના કાફલા સાથે જમીન માર્ગે હિ.સ. ૪૮૫ ઈ.સ. ૧૦૯૨માં રાજા કરણદેવ સોલંકીના રાજ્યકાળમાં આપ ગુજરાતની રાજધાની અણહીલવાડ પાટણ (પીરાન પટ્ટન-નહરવાલા) તશરીફ લાવે છે.

જ્યારે આપ એટલે હઝરત હુદ રદિયલ્લાહો અન્હો પાટણ પધાર્યા ત્યારે આપની ઉંમર ૬૯ વર્ષની હતી. આપે એક ખુલ્લા મેદાનમાં પડાવ નાખ્યો. આપ મેદાનની સામે જ એક વિશાળ અને સમૃદ્ધ મંદિર હતું જેમાં અઢળક સોનું, ચાંદી અને જવાહરાતથી મઢેલી મૂર્તિઓ હતી. આ મંદિરની રક્ષા કાજે મંદિરના વહીવટકર્તાઓએ એક સિંહ પાળેલો હતો. જે સાંજે એટલે અસર બાદ છુટ્ટો મુકી દેવાતો હતો. જો કોઈ અજાણી વ્યકિત મંદિર પાસે

આવે તો તેને તે ફાડી ખતો હતો. ગામ લોકોની જાણ માટે સિંહને છુટો મુકતા પહેલા નગારૂ વગાડીને એલાન કરી દેવાતું જેથી ગામના લોકો મંદિર તરફ જતા ન હતા.

અસરની નમાઝનો સમય થયો. હઝરત સુલતાન હાજી હુદ અને આપના સાથીઓએ બા જમાઅત નમાઝ અદા કરી અને નમાઝથી જેવા ફારીગ થયા કે પેલો સિંહ તડાપ મારતો આ સાવ અજાણ્યા લોકો તરફ દોડતો આવ્યો. આપે સાથીઓને કહી દીધું તમો જરા પણ ગભરાશો નહિં એ તમને છોડીને મારા પર હુમલો કરશે અને તમે જો જો ઈન્શા અલ્લાહ સિંહ માર્યો જશે અને બન્યું પણ એવું જ કે સિંહે આપના પર હુમલો કર્યો અને આપે તે વિકરાળ હિંસક સિંહના બે જડબા પકડી લીધા અને તેને ઉભોને ઉભો જ ચીરી નાખ્યો. દૂર મંદિરથી તેનો પૂજારી આ દશ્ય જોઈને ગભરાઈ ગયો. તેણે ઝિંદગીમાં આવા શકિતશાળી, કદાવર શરીર, બાહોશ અને ચમકદાર ચહેરાવાળા માણસો જોયા જ ન હતા.

મંદિરનો રક્ષક સિંહ માર્યો ગયો તેની વાત રાજાના કાન સુધી પુજારીએ પહોંચાડી અને વધારે એમ પણ કહ્યું કે, આ પરદેશથી આવનારા અજાણ્યા લોકો ઘણા જ બહાદૂર છે. જો તેમને આપણા મુલ્કમાંથી હાંકી કાઢવામાં નહીં આવે તો તેઓ આપની સત્તા પણ આંચકી શકે છે. રાજાએ વચન આપ્યું, અમારૂં લશ્કર આવે છે. તે તમામ પરદેશીઓની ધરપકડ કરશે. રાજાનું લશ્કર આવ્યું. જેમ જેમ લશ્કરના સિપાહીઓ હઝરત હાજી હુદ રદિયલ્લાહો અન્હોની નજીક આવતા ગયા. તેમ તેમ તેઓ જમીનની અંદર દબાતા (ખુંપાતા) ગયા. કોઈ ઢીંચણ સુધી જમીનમાં ગયો કોઈ સાથળ સુધી કોઈ છાતી સુધી તો લશ્કર આ કુદરતી પ્રકોપ જોઈને માફી માંગવા લાગ્યા. કાકલુદી કરવા લાગ્યા કે, આપ અમારા પર દયા કરો, અમો તમારી પકડ નહી કરીએ. આ આફતમાંથી અમને ઉગારો અમને ક્ષમા કરો. આપને દયા આવી ગઈ. લશ્કર સમક્ષ આપે કહ્યું, હું તમારી પાસે કઈ લેવા નથી આવ્યો. પરંતુ હું તો તમને દીન (મઝહબ) અને દુનિયાની ભલાઈનો માર્ગ બતાવવા આવ્યો છું. મારૂં કામ લોકોને એક ખુદાની બંદગી કરવાનો અને

તેના અંતિમ નબી હઝરત મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ઉપર ઈમાન લાવવાનો આદેશ આપવાનો છે. આપની વાતથી અને આપના પ્રભાવથી લોકો અંજાઈ ગયા. આપના ચહેરા પરનું નૂર અને આંખોમાં રહેલી તૌહીદ પરસ્તીની રૌશનીથી ગમે તેવો માણસ પણ આપનો શ્રદ્ધાળુ બની જતો લશ્કરે તૌબાહ (પ્રશ્ચાતાપ) કરી આપના મઝહબ (ઈસ્લામ)નો અંગિકાર કર્યો કે, તરત જ તેમને જમીનની પકડમાંથી મુક્તિ મળી આ લશ્કરમાં મોટા ભાગે જે લોકો હતા તે રજપૂત કૌમના હતા તેમાં કેટલાકની અટકો, ચૌહાણ, રાઠોડ, સોલંકી, વાઘેલા, ચાવડા, પરમાર વગેરે હતી. આજે પણ આપણા ગુજરાતમાં ઘણા મુસલમાન ભાઈઓની અટકોમાં આવી અટકો જોવા મળેછે. પીરનામા (કલમી)ના લેખક શેખ ઉમર પટણી લખે છે કે,

**"સબને પળા કલ્મા, કુફર તોળા, હુવે સબ મુસ્લેમીન**
**ઉન્કો નીકાલે કૈદસે, બુજો તુમી કરકે યકીન**
**હૈ ચાવડે, રાઠોડ, સોલંકી, ચવાન, પઢીઆર જો**
**કંઈ તરહ કી હૈગી સો જાત અસવ રજપુતર્યા."**

મંદિરના પુજારીએ જોયું કે, લશ્કર આ વિદેશી અને મહાન ચમત્કારી પુરૂષના તાબે થતું જાય છે. તેણે તરત બધી વિગત રાજા સમક્ષ કહી તો રાજાએ કહ્યું, હવે તો મારે જાતે જ એ ચમત્કારી માણસની મુલાકાત લેવી પડશે અને રાજા કર્ણદેવ સોલંકી હઝરત ખ્વાજા હાજી હુદ રદિયલ્લાહો અન્હોની ખિદમતમાં હાજર થાય છે. બંને વચ્ચે ધાર્મિક બાબતે ઘણી ચર્ચા થાય છે. અંતમાં હઝરત સુલતાન હાજી હુદ સાહેબ રાજાને એકેશ્વરવાદ (તૌહીદ)નો સંદેશ આપે છે અને પછી તેને પૂછે છે કે, તમે કોની બંદગી (પૂજા) કરો છો ? તો રાજા કહે છે કે, આપ અમારા માબુદ (ખુદા)ના મંદિરમાં ચાલો અમે જેની પૂજા કરીએ છીએ તેની મૂર્તિ બતાઉં, આપ તરત જ તેના બુતખાના (મંદિર)માં જાય છે. મંદિર બહુ મોટું હતું. જાત જાતની મૂર્તિઓ હતી. સોના, ચાંદી, હીરા, મોતીથી મંદિર ભરપૂર હતું. મંદિરના મધ્ય ભાગમાં એક વિશાળ પ્રાર્થના ખંડમાં બહુ મોટી અને કિંમતી હીરા મોતીથી મઢેલી મહાકાય મૂર્તિની સામે રાજા

ઉભો રહ્યો અને કહેવા લાગ્યો. આ અમારો માબુદ (ખુદા) છે. તો હઝરત હાજી હુદ રદિયલ્લાહો અન્હો પોતાની અંગુશ્તે શહાદત તે મૂર્તિની તરફ લંબાવી અને આ તમારો માબુદ છે ! બસ આપની આંગળીનો ઈશારો શું થયો કે, જાણે વિજળી ત્રાટકી હોય તેમ પેલી મૂર્તિ તેના સ્થાનેથી પછડાઈ અને ટુકડે ટુકડા થઈ ગઈ. જે જબરદસ્ત કરામત જોઈ રાજા પોતે આશ્ચર્યચકિત થઈ ગયો. આપે રાજાને કહ્યું, "જે માણસના ઈશારાથી નાબુદ (નષ્ટ) થઈ જાય તેને તમે માબુદ (ખુદા) માનો છો." રાજા પાસે જવાબ ન હતો. આ કરામતથી રાજા એવો પ્રભાવિત થયો કે, આપને પાટણમાં રહેવા માટે જગ્યાની સગવડ અને રાજ્ય તરફથી મળતી તમામ જરૂરિયાત પૂરી પાડવાની જવાબદારી લીધી. ઈબાદત કરવા મસ્જીદ બનાવવામાં પૂરો સાથ-સહકાર આપ્યો. કિતાબ પીરનામા (કલમી) લેખકે સ્પષ્ટ લખ્યું છે કે, રાજા કરણ દેવે ઈસ્લામનો અંગિકાર કર્યો અને પાટણમાં પ્રથમ મસ્જીદ બનાવી જે કરણ મસ્જીદના નામથી પ્રખ્યાત હતી. આજે પણ આ મસ્જીદના અવશેષો જોવા મળે છે. કરણ દેવની એક રાજકુંવારીએ પણ પિતાના પગલે ઈસ્લામનો સ્વીકાર કર્યાનો અહેવાલ પીરનામામાં જોવા મળે છે.

હઝરત સુલતાન સૈયદ હાજી હુદ રદિયલ્લાહો અનહોથી અગાઉ કોઈપણ મુસલમાન પાટણમાં ન હતા. આપ પોતે પાટણમાં મુસ્લિમ તરીકે સૌ પ્રથમ આવનાર હતા. આપનો મસ્લક હન્ફી હતો. તેથી જ આપની તબ્લીગના કારણે જે મુસલમાન થયા તે સુન્ની હનફી થયા અને આજે પણ ગુજરાતમાં સુન્ની હનફી મુસલમાનોની સંખ્યા વધુ છે.

૫૧ વર્ષ સુધી આપે પાટણમાં રહી દીને ઈસ્લામની તબ્લીગ કરી. આપની મહેનત અને કોશીશથી ગુજરાત ભરમાં ઈસ્લામની રૌશની ફેલાઈ. દિલ્હીથી પાટણ આવનાર મહાન વલીઅલ્લાહ હઝરત બાબા અહેમદ દહેલ્વી ઉર્ફે બાબા દહેલીયા રહેમતુલ્લાહ અલયહ પણ આપની ખિદમતમાં જ રહ્યા અને આપનાથી ખૂબ જ ફૈઝયાબ થયા.

ગુજરાતમાં ઈસ્લામની તબ્લીગની રીતસર ઝુંબેશ

ચલાવનાર બુઝુર્ગોમાં આપની ગણના પણ અગ્ર સ્થાને છે. દા.ત. હઝરત બાબા રયહાન (હિ. ૪૩૦) સૈયદ શરફુદ્દિન મોહમ્મદ ઉર્ફે પીર ફાલુદા (હિ. ૪૨૫) પીર શહાબુદ્દિન ઈબ્ને પીર સૈયદ ઝહીરૂદ્દીન અને હઝરત સુલતાન સૈયદ હાજી હુદ (હિ. ૪૮૫)એ ભરૂચ, સુરત, પાટણ અને કાઠિયાવાડમાં રીતસરની તબ્લીગી ઝુંબેશ આદરી હતી.

## તબર્રૂકાતનો અનમોલ તોહફો

હઝરત સૈયદ હાજી હુદ રદિયલ્લાહો અન્હોને પોતાના બુઝુર્ગો અને પીરો મુર્શીદ પાસેથી ઘણી અનમોલ તબર્રુકાતો અર્પણ થઈ હતી. તેમાં હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો અમામો, હઝરત સિદ્દિકે અકબર રદિયલ્લાહો અન્હોનો અમામો, હઝરત અલી શેરે ખુદા કરમલ્લાહો વજહહુનો ઝબ્બો, હઝરત બીબી ફાતેમા ખાતુને જન્નત રદિયલ્લાહો અન્હાની ચાદર, હઝરત ઈમામે હુસૈન શહીદે કરબલા રદિયલ્લાહો અન્હોનો ઝબ્બો વગેરે તબર્રુકાત પોતાની સાથે લાવ્યા હતા. પાટણમાં આપની ખાનકાહ પહેલી અને જૂની ખાનકાહ ગણાતી હતી. આપના વિસાલ બાદ આપના વંશજો આ તબર્રુકાતની ઘણી જ તાઝીમ અને અદબ સાથે સાચવતા રહ્યા. જેમ જેમ ઈસ્લામનો ફેલાવો થતો રહ્યો. તેમ પાટણમાં મુસલમાનોની આબાદી થતી ગઈ. પાટણ પાટનગર હોવાથી પાછળથી જે જે બુઝુર્ગો આવ્યા અને તેઓ પણ જે તબર્રુકાત સાથે લાવ્યા. તે પણ હઝરત હાજી હુદ સાહેબની ખાનકાહમાં મુકતા ગયા. એટલે જ આજે પણ આપની આ તબર્રુકાતની સાથે સાથે હઝરત ગૌસુલ આઝમ પીરાને પીર દસ્તગીર રદિયલ્લાહો અન્હોનો ઝબ્બો અને અમામો, હઝરત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી અજમેરી રદિયલ્લાહો અન્હોનો અમામો અને મુસલ્લો, હઝરત બાબા ફરીદ ગંજેશકર રદિયલ્લાહો અન્હોની ટોપી અને બીજા ઘણા બધા બુઝુર્ગોની તબર્રુકાત શરીફ આજે પણ પાટણમા હઝરત હાજી હુદ રદિયલ્લાહો અન્હોના વંશજોની પાસે મૌજુદ છે.

## ફાની દુનિયાથી વિદાય

૧૨૦ વર્ષની મોટી વયે રજ્જબ મહિનાની ૧૫મી તારીખે

હિ.સ. ૫૩૬, ઈ.સ. ૧૧૪૧ના દિવસે મહાન મુબલ્લીગે ઈસ્લામ, તારીકુસ્સલ્તનત, હિંદના દિવા, વિલાયતના ચાંદ, બઝમે રસૂલની જ્યોત, કુત્બુલ અકતાબ હઝરત સુલતાન સૈયદ શાહ હાજી હુદ રદિયલ્લાહો અન્હોએ આ નાશવંત જગતથી વિદાય લીધી. **ઈન્ના લિલ્લાહે વ ઈન્ના એલયહે રાજેઉન.** આપનો મઝાર પાટણ (પીરાન પટ્ટન)માં ખાન સરોવર દરવાજા પાસે આવેલછે. આપના મઝારને જન્નતુલ માલાનો દરજ્જો હાંસિલ છે.

## વંશજોની સેવાઓ

હઝરત હાજી હુદ રદિયલ્લાહો અન્હોના ફરઝંદ હઝરત સૈયદ ઈસ્માઈલ રહેમતુલ્લાહ અલયહ બહુ જ મોટા પાયાના બુઝુર્ગ અને વલીએ કામીલ હતા. આપને હઝરત ગૌસુલ આઝમ પીરાને પીર દસ્તગીર સૈયદના શયખ અબ્દુલ કાદિર જીલાની બગદાદી રદિયલ્લાહો અન્હોની બયઅત અને ખિલાફત પ્રાપ્ત થઈ હતી. જે આજ પર્યંત અવિરત પણે તેમના વંશજોમાં ચાલુ છે અને આ જ રૂહાની સંબંધને કારણે આપના વંશજો "કાદરી" તરીકે ઓળખાય છે. હઝરત ઈસ્માઈલના ફરઝંદ હઝરત સૈયદ ઈસ્હાક પણ તેમના સમયના મહાન વલી હતા. જ્યારે હઝરત સૈયદ મોહમ્મદ બીરહમન રેહમતુલ્લાહ અલયહની લાશના જે ફૂલ બની ગયા હતા તે ફૂલોને સહસ્રલીંગ તળાવના કિનારે હઝરત ઈસ્હાક બિન ઈસ્માઈલ બીન હાજી હુદે પોતાના હાથોથી દફન કર્યા હતા.

હઝરત સુલતાન હાજી હુદ રદિયલ્લાહો અન્હોની ઔલાદમાં ક્રમે ક્રમે બહુ મોટા પાયાના બુઝુર્ગો પેદા થયા અને તેઓએ દીને ઈસ્લામની ઘણી જ ખિદમત અંજામ આપી છે. જેમના દાખલા કિતાબોમાં મૌજૂદ છે. અત્રે ફકત ખ્યાતનામ બુઝુર્ગોના નામોની એક ઝલક જોઈએ.

(૧) અહમદાબાદ શહેરની બુનિયાદ નાખનારા ચાર અહેમદો પૈકીના એક અને સરખેજના હઝરત શયખ અહેમદ ગંજબક્ષ ખટ્ટુ રહેમતુલ્લાહ અલયહના મુરીદ અને ખલીફા હઝરત મખદૂમ સૈયદ **કાઝી અહમદ જુદ** રહેમતુલ્લાહ અલયહ જેમનો મઝાર પાટણમાં છે.

(૨) પાટણની જુમ્આ મસ્જીદ (જુની) જેમની કોશીશથી

બની હતી. જેમને હઝરત કુત્બે આલમ રહેમતુલ્લાહ અલયહથી પણ ખિલાફત મળી હતી. જેમની પ્રખ્યાત કૃતિ (કિતાબ) "રિસાલાએ રહેમત" છે, જે ઈલ્મે ફીકહના મહાન આલિમ હતા. **ગોતરકા**ના મહાન બુઝુર્ગ હઝરત સૈયદ શરફુદ્દીન હુસૈન માહે વલી ઉર્ફે દાદા મહાવલી રહેમતુલ્લાહ અલયહના નાના થાય છે. તે હઝરત સૈયદ **હસન ફકીહ ગૌસુલ વરા** રહેમતુલ્લાહ અલયહ આપનો મઝાર પણ પાટણમાં છે.

(૩) હઝરત સૈયદ **નુરૂલ્લાહ આલમગીર** રહેમતુલ્લાહ અલયહ.

(૪) હઝરત સૈયદ શાહ **અબ્દુલ અઝીઝ વિસાલી**, શમશીરે ઈલાહી રહેમતુલ્લાહ અલયહ.

(૫) હઝરત સૈયદ **શાહ અમાનુલ્લાહ હુદી** રહેમતુલ્લાહ અલયહ.

(૬) હઝરત શયખુલ આરેફીન સૈયદ **શાહ અસદુલ્લાહ કાદરી** રહેમતુલ્લાહ અલયહ મઝાર માધુપુરા અહમદાબાદ.

(૭) હઝરત શયખુલ મશાઈખ સૈયદ **શાહ મહેબુબુલ્લાહ કાદરી** રહેમતુલ્લાહ અલયહ મઝાર રાયખડ ગાયકવાડ હવેલીની પાસે અહમદાબાદ.

(૮) હઝરત સૈયદ શાહ **સૈયદ અલી કાદરી** રહેમતુલ્લાહ અલયહ આપનો મઝાર અને મસ્જીદ પ્રેમદરવાજા પાસે અહમદાબાદ.

(૯) હઝરત સૈયદ **અસ્કરીમિયાં** કાદરી રહેમતુલ્લાહ અલયહ, મઝાર સૈયદવાડની મસ્જીદમાં, રાયખડ, અહમદાબાદ.

(૧૦) હઝરત સૈયદ **યાસીનમિયાં** કાદરી રહેમતુલ્લાહ અલયહ મઝાર ગાયકવાડ હવેલી પાસે, રાયખડ, અહમદાબાદ.

(૧૧) હઝરત સૈયદ હકીમ પીર **ઝેનુમિયાં દાદામિયાં** કાદરી રહેમતુલ્લાહ અલયહ મુ. કડી. જી. મહેસાણા.

(૧૨) હઝરત ફખરે ગુજરાત **સૈયદ ફખરૂદ્દિન 'ફખ્ર'** કાદરી રહેમતુલ્લાહ અલયહ, અહમદાબાદ.

હઝરત હાજી હુદ રદિયલ્લાહો અન્હોની ઔલાદમાં ઘણા નામી-અનામી બુઝૂર્ગોએ દીની દુનિયાવી સેવાઓ આપીછે. આજે

પણ આપના વંશજો પાટણ, અહમદાબાદ, સરખેજ, રૂપાલ, કડી, મુંબઈ, પાકિસ્તાન, ઈંગ્લેન્ડ અને અમેરિકા વગેરેમાં વસે છે અને દીની-દુનિયાવી ક્ષેત્રે નામના હાંસિલ કરી છે.

હઝરત ખ્વાજા હાજી હુદ રદિયલ્લાહો અન્હો પાટણમાં તશરીફ લાવનાર પ્રથમ બુઝુર્ગ છે. આપના હાથે જ પાટણમાં ઈસ્લામની બુનિયાદ મુકાઈ આપ એવા કપરા સમય અને સંજોગોમાં પાટણ પધાર્યા હતા જ્યારે પાટણમાં ઈસ્લામનું નામો નિશાન ન હતું. બુતપરસ્તી અને જાદુ-મેલી વિદ્યાએ અડ્ડો જમાવ્યો હતો. આપ મુલ્કે શામ (સીરીયા)થી આવ્યા હતા આપની જબાન અરબી હતી. આપ એક સમયના સુલતાન હતા. એટલે સ્વાભાવિક રીતે દુઃખ કે તકલીફ તો વેઠી હોય જ નહીં. તેમ છતાં ગુજરાતના માહોલમાં રહ્યા. જાત જાતની તકલીફો સહન કરી. ૫૧ વર્ષ સુધી દીને ઈસ્લામની તબલીગનું કાર્ય સતત ચાલુ રાખ્યું એ આપની મહાન કુરબાની હતી ગુજરાતના લોકો ઉપર આપનો ઉપકાર છે.

કેટલાક લોકોનું એટલે ઈતિહાસની સાચી જાણકારી નહીં રાખનારાઓનું એવું માનવું છે કે, ઈસ્લામની તબ્લીગની શરૂઆત અજમેરમાં હઝરત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી રહેમતુલ્લાહ અલયહથી થઈ છે. પણ ખરેખર એવું નથી. હઝરત ખ્વાજા ગરીબ નવાઝ રદિયલ્લાહો અન્હોથી ૧૦૦ વર્ષ પૂર્વે હઝરત ખ્વાજા સુલતાન હાજી હુદ અલયહિર્રહમા તશરીફ લાવ્યા અને તેમના પહેલા પણ કેટલાક બુઝુર્ગો આવ્યાના અહેવાલ ઈતિહાસમાં જોવા મળે છે.

## સંદર્ભ સાહિત્ય

હઝરત સુલતાન સૈયદ હાજી હુદ રદિયલ્લાહો અન્હોની પવિત્ર ઝિંદગીની હકિકત-માહિતી દર્શાવતી કેટલીક કિતાબોની યાદી અહીંયા રજૂ કરી છે.

(૧) મુખબેરૂલ ઔલિયા (ફારસી) કર્તા : હઝરત ખ્વાજા રશીદુદ્દિન ચિશ્તી રહેમતુલ્લાહ અલયહ.

(૨) રિસાલાએ ખનફુરીયા (ફારસી) કર્તા : હઝરત ગૌસુલવરા હસન ફકીહ રહમતુલ્લાહ અલયહ.

(૩) તવારીખે ઔલિયા (ઉર્દૂ) કર્તા : હઝરત સૈયદ ઈમામુદ્દિન અહેમદ હુસૈની કાદરી ગુલશનાબાદી.

(૪) જામેઉલ ખિલાફત

(૫) તઝકેરતુલ અન્સાબ

(૬) મુકાશીફાતે મોહમ્મદીયા

(૭) બહેરૂલ અન્સાબ

(૮) તઝકેરતુલ અસ્ફીયા

(૯) મરહમતનામા બુરહાની (ફારસી) કર્તા : હઝરત મહેમુદ દરિયાનોશ બુખારી રહેમતુલ્લાહ અલયહ

(૧૦) પીરનામા-કલમી (ઉર્દૂ) કર્તા : શેખ ઉમર પટણી

(૧૧) તારીખ સુફીયા એ ગુજરાત (ઉર્દૂ) કર્તા : ડો. ઝહુરૂલ હસન "શારબ" **M.A. Ph. D.** અજમેર શરીફ.

(૧૨) ગુલશને હુદ (ઉર્દૂ) કર્તા : સૈયદ નુરૂલ્લાહ બિન સૈયદ અમીન સાહબ કાદરી અહમદાબાદ.

(૧૩) તઝકેરાએ ઔલીયા અલ્લાહ ઔર તારીખ નહરવાલા કર્તા : સૈયદ તાલીબઅલી "આરઝુ" કાદરી બરેલ્વી.

(૧૪) તઝકેરાએ દવામ (ભાષા ઉર્દૂ લીપી ગુજરાતી) કર્તા : સૈયદ પ્યારા સાહબ જહાંશાહી પીરાનપટ્ટન.

(૧૫) તારીખ ઔલિયાએ ગુજરાત કર્તા : અબુઝફર નદવી.

(૧૬) ગુજરાતના ઔલિયા ભાગ-૧ (ગુજરાતી) કર્તા : સૈયદ ઈમામુદ્દિન દરગાહવાલા નવસારી.

(૧૭) ઔલિયાએ ગુજરાત (ગુજરાતી) કર્તા : અબ્દુલ્લાહ પટેલ.

(૧૮) હરિયાલા વતન-દરબારે ચિશ્તીયાહ (ગુજરાતી) કર્તા : નઝીર શાયર પેટલાદ.

(૧૯) જલ્વ-એ-હુદ (ગુજરાતી) કર્તા : સૈયદ દાદામિયાં એસ. કાદરી.

(૨૦) હુદસ્મૃતિકા (સોવેનીયર-ગુજરાતી) પ્રકાશક : કાદરી વલચિશ્તી પરિવાર અહમદાબાદ વગેરે.

# મનકબત

## દરશાને હઝરત સુલતાન હાજી હૂદ (રદિયલ્લાહો અન્હો)

સુલતાને બા વકાર હૈ સુલતાન હાજી હૂદ
મહેબૂબે કિરદિગાર હૈ સુલતાન હાજી હૂદ

હૈ લાડલે રસૂલ કે, શેરે ખુદા કે ભી
હસનૈનકે કરાર હૈ, સુલતાન હાજી હૂદ

'યા વલદી' કેહ કે ઉન્કો પુકારા રસુલને
મહેબૂબિયત શઆર હૈ સુલતાન હાજી હૂદ

ઈશ્કે ખુદામેં, છોડ દિયા, તખ્તો તાજકો
અલ્લાહ પર નિસાર હૈ સુલતાન હાજી હૂદ

હૂકમે નબીસે ગુલશને દીં કો હરા કિયા
ઇસ્લામ કી બહાર હૈ સુલતાન હાજી હૂદ

લા રૈબ વોહ સુકુને દિલે બે કરાર હય
ઔર રૂહ કી કરાર હૈ સુલતાન હાજી હૂદ

હોગી મુરાદ પુરી સલીકે માંગે તો
ગર ઝાઈરે મઝાર હૈ સુલતાન હાજી હૂદ

હર અહેલે દિલને દેખી વહાં જન્નતી બહાર
જીસ ખીત્તે પર મઝાર હૈ સુલતાન હાજી હૂદ

અંગુશ્ત કે ઈશરે પર બુત ગીર પડા 'મુહિબ'
વોહ મર્દે દીનદાર હૈ સુલતાન હાજી હૂદ.

# સલામ

## *બારગાહે હઝરત સુલતાન સૈયદ હાજી હૂદ (રદિયલ્લાહો અન્હો) પીરાન પટ્ટન શરીફ*

યા હાજી હૂદ બાબા, લીજીએ સલામ હમારા
ગમઝદોંને પુકારા, લીજીએ સલામ હમારા...
તુમ હો નબીકે પ્યારે, અલીકે હો દુલારે
ચશ્મે ઝહેરા કે તારે, સુન લો અરજ ખુદારા
યા હાજી હૂદ બાબા, લીજીએ સલામ હમારા....
હય શાન તુમ્હારી આલી, હો સમરકંદ કે વાલી
યા વલદી કેહ કે તુમકો, આકાને ખૂદ પુકારા
યા હાજી હૂદ બાબા, લીજીએ સલામ હમારા....
ફૈલા હૈ દીન તુમસે, પાટનકી સરઝમી પર
બુત ગીર પડે નીચે, જબ હો ગયા ઈશારા
યા હાજી હૂદ બાબા, લીજીએ સલામ હમારા....
બિગડી મેરી બના દો, કિસ્મત મેરી જગા દો
કિશ્તી હય ભંવરમેં, મીલ જાય અબ કિનારા
યા હાજી હૂદ બાબા, લીજીએ સલામ હમારા....
દુનિયા ભી સંવર જાયે, ઉકબા ભી સંવર જાયે
નજરે કરમકા કર દો, ઐસા કોઈ ઈશારા
યા હાજી હૂદ બાબા, લીજીએ સલામ હમારા....
મંગતા હું મૈં તુમ્હારા, છોડું ના દર તુમ્હારા
મુઝે આપકા સહારા, મુઝે આપકા સહારા
યા હાજી હૂદ બાબા, લીજીએ સલામ હમારા....
ગૌસુલવરા કે સદકે, ખ્વાજા પીયા કે સદકે
દિખલાવો ખ્વાબમેં અબ, 'મુહિબ' કો એક નઝારા
યા હાજી હૂદ બાબા, લીજીએ સલામ હમારા....